| | |
|---|---|
| GJPM070001622026 | જાંબુઘોડા ના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.જાંબુઘોડા |

ક્રીમીનલ કેસ નં.૫૯/૨૦૨૬
આંક-૦૯

ફરીયાદી:- સરકાર શ્રી

વિરુધ્ધ

આરોપી:- અલ્પેશભાઈ અરવિંદભાઈ રાઠવા
રહેવાસી:-કોઠી ફળીયુ બામરોલી,વાલોઠી,તા.બોડેલી,છોટાઉદેપુર

તોહમત:- ધી મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૮૫ તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧) બી મુજબ

-:: ચુકાદો ::-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ધી મોટર વ્હીકલ એક્ટની કલમ-૧૮૫ તથા પ્રોહી એકટ કલમ-૬૬(૧) બી મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોઈ ઉપરોક્ત ગુન્હા સબબ આરોપી સામે અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થયા બાદ આ કામના આરોપી વિરુદ્ધ ગુન્હાનું કોગ્નીઝન્સ લઇ આરોપી વિરુદ્ધ સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો. આ કામના આરોપી વિરુદ્ધનો સમન્સ આરોપીને બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૩૦ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની આંક-૦૭ થી પ્લી લેવામાં આવેલ અને તેઓ ગુન્હો કબુલ કરે છે કે બચાવ કરવા માંગે છે તે અંગે પ્રશ્ન પૂછતાં આરોપીએ તેમની સામેનો ગુન્હો તેમને કબુલ હોવાનું જણાવેલ છે અને તે સાથે આંક-૦૮ થી ગુન્હા કબુલાત પુરસીસ આપી જણાવે છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. તેઓ ગરીબ વર્ગના છે અને બાળ બચ્ચાવાળા ઈસમો છે. તેમના કુટુંબમાં તેઓ એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને તેમના સમગ્ર કુટુંબનો આધાર તથા જવાબદારી તેઓના ઉપર છે. તેથી જો તેઓને કાયદામાં જણાવ્યા મુજબની સજા કરવામાં આવે તો તેમના સમગ્ર કુટુંબને ભૂખે મરવાનો વારો આવે તેમ છે અને પરોક્ષ રીતે તેમના કુટુંબને સજા થાય તેવી સ્થિતિ સર્જાય તેમ છે. તેઓ ગુનાહિત માનસ ધરાવતા નથી તથા તેમને આ ગુન્હા બદલ ખુબજ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં તેઓ આ પ્રકારના ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે.

(૩) નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાનાં પાના નં.૭૨૧ ઉપર પેરા –૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્ર પણે માનુ છુ અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

<u>– :: હુકમ::–</u>

- આ કામના આરોપી અલ્પેશભાઈ અરવિંદભાઈ રાઠવા રહેવાસી–કોઠી ફળીયુ બામરોલી,વાલોઠી,તા.બોડેલી,છોટાઉદેપુરનાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૭૫ મુજબ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોઈ ઘી મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટ કલમ–૬૬(૧) બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પૂરા)નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- સદરહુ કેસના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ અંગે અગાઉ વચગાળાનો જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ સદરહુ કેસના કામે આપેલ જાતમુચરકા ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ ની જોગવાઈ ધ્યાને લઇ આથી છ માસ બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૪ મી માહે માર્ચ સને–૨૦૨૬ ના રોજ લોકદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ– જાંબુઘોડા.

(તન્મય ગિરીશચંદ્ર શુકલ)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ –જાંબુઘોડા
જીજે–૦૧૧૦૫.